# India - Russia Consultations on UNSC Issues

February 17, 2021

# સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનાં મુદ્દાઓ પર ભારત – રશિયાનાં પરામર્શો

ફેબ્રુઆરી 17, 2021

1. 16 ફેબ્રુઆરી 2021 નાં રોજ મોસ્કોમાં ભારત અને રશિયાએ DG સ્તર પર સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનાં મુદ્દાઓ પર દ્વિપક્ષીય પરામર્શો યોજ્યા હતા.

2. રશિયન પ્રતિનિધિમંડળની આગેવાની રશિયન ફેડરેશનનાં વિદેશ મંત્રાલયનાં આંતરરાષ્ટ્રિય સંસ્થાઓનાં વિભાગનાં નિર્દેશક શ્રી પીટર ઇલિચેવ દ્વારા કરવામાં આવી હતી. મોસ્કો સ્થિત ભારતીય દૂતાવાસનાં અધિકારીઓ સહિત ભારતીય પ્રતિનિધિમંડળની આગેવાની સંયુક્ત સચિવ (UNP અને શિખર સંમેલનો) શ્રી પ્રકાશ ગુપ્તાએ કરી હતી.

3. બન્ને પક્ષોએ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની કાર્યસૂચિનાં વ્યાપક શ્રેણીમાં મુદ્દાઓ સહિત સંયુક્ત રાષ્ટ્રનાં મુદ્દાઓ પર પ્રવર્તમાન સઘન દ્વિપક્ષીય સંપર્કોની પ્રશંસા કરી હતી. ભારતીય પ્રતિનિધિમંડળે રશિયન પક્ષને તેનાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનાં કાર્યકાળ દરમિયાન ભારતની પ્રાથમિકતાઓની સંક્ષિપ્ત માહિતી આપી હતી. બન્ને પક્ષો ખાસ અને વિશેષાધિકાર ધરાવતી વ્યૂહાત્મક ભાગીદારીનાં અનુપાલનમાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની કાર્યસૂચિ પરનાં મહત્વનાં મુદ્દાઓ પર નિકટતાથી સાથે મળીને કાર્ય કરવા સંમત થયા હતા.

**નવી દિલ્હી**
**ફેબ્રુઆરી** 17, 2021

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.